માલીક :– શ્રી કે.કે. મેહતા હોસ્ટેલ, રાજકોટ.

સ્થળ :– કાલાવડ રોડ, યોગીધામ ગુરૂકૂલ, રાજકોટ

કામનું નામ :– હાઉસ–કીપીંગ વર્ક અંતર્ગત અલગ–અલગ જગ્યાએ સફાઈ તથા સ્વચ્છતા જાળવવાના કામ બાબત..

યોગીધામ શૈક્ષણીક સંકુલ સ્થિત નીચે જણાવેલ હોસ્ટેલ બીલ્ડીગ તથા આજુબાજુની પેરીફરીમાં આવેલ તમામ એરીયામાં સ્વીપર તથા મશીનરીના ઉપયોગ દ્વારા સંસ્થા જણાવે તે પ્રમાણેના કલીનીગ શેડયુલ મુજબ નિયમીત સફાઈ કરાવી, સ્વછતા જળવાય રહે તેનું એજન્સીએ રોજબરોજ સુપરવીઝન કરી, તેમને સોંપવામાં આવેલ એરીયાનું ધ્યાન રાખવાનું રહેશે.

**બિલ્ડીગના નામ :–**

૧. શ્રી કે.કે. મેહતા હોસ્ટેલ બિલ્ડીગ, રાજકોટ

૨. નિરામયબિલ્ડીગ, રાજકોટ

૩. સર્વનમન બિલ્ડીગ, રાજકોટ

**કરારની સામાન્ય શરતો:–**

૧. ઉપરોકત યાદી પ્રમાણેના હોસ્ટેલ બિલ્ડીગમાં આવેલ દરેક રૂમ, સર્વનમન પ્રાર્થના હોલ, લોબી, ટોઈલેટ બ્લોક, રેકટર ઓફીસ, અગાસી તથા આજુબાજુની પેરીફરીમાં આવેલ રોડ વિગરેની તેમજ આ સિવાયના સંસ્થા જણાવે તે ભાગોની નિયમીત સફાઈ કરવાની રહેશે અને તે સફાઈ અંગેના રજીસ્ટર નિભાવવાના રહેશે.

૨. સ્વીપર તથા સુપરવાઈઝર સારી ચાલચલગતવાળા પુરા પાડવાના રહેશે તેમજ તેઓના નામ, કાયમી સરનામા, ફોટા, ઓળખપત્રો રેકર્ડ કોન્ટ્રાકટરે મેઈન્ટેઈન કરવાનો રહેશે. તેમજ સંસ્થા જયારે રેકર્ડ માંગે ત્યારે સુપ્રત કરવાનો રહેશે.

૩. 'યોગીધામ' સંકુલમાં પાન, તમાકું, ગુટકા કે અન્ય કોઈપણ માદક દ્રવ્યોનું સેવન પ્રતિબંધીત છે આ નિયમનો ભંગ થયેથી જે તે વ્યકિત અને કોન્ટ્રાકટર સામે નિયમાનુસાર કાર્યવાહી કરી કોન્ટ્રાકટ રદ કરવા સુધીનાં પગલાં લેવામાં આવશે અને ડીપોઝીટની રકમ જપ્ત થશે.

૪. કોન્ટ્રાકટરશ્રી તેમજ તેમના દ્વારા કામ પર રાખવામાં આવેલ કોઈપણ વ્યકિત બહારથી કોઈપણ ખાદ્ય પદાર્થ મંગાવી શકશે નહી.

૫. કોન્ટ્રાકટરના સુપરવાઈઝરે સંસ્થાના પ્રતિનિધિના સહયોગમાં રહીને તમામ કર્મચારીની હાજરી નિયત પ્રફોર્મામાં લખાવી સહી કરવાની રહેશે.

૬. સ્વીપર તથા સુપરવાઈઝર નિયત ડ્રેસ કોડમાં જ ફરજ બજાવવાની રહેશે. આ યુનીફોર્મ વ્યકિત દીઠ ૨–જોડી ૧–વર્ષ માટે સંસ્થા તરફથી આપવામાં આવશે.

૭. કોન્ટ્રાકટર દ્વારા રાખવામાં આવેલ કોઈપણ કર્મચારીએ વિદ્યાર્થી તથા સંસ્થાના કોઈપણ વ્યકિતસાથે અંગત વ્યવહારો રાખવા નહિ. આવા વ્યવહારો રાખવાને કારણે ઉપસ્થિત થતા પ્રશ્નોની જવાબદારી જે તે વ્યકિતની પોતાની તથા કોન્ટ્રાકટરની રહેશે.

૮. સાફસુફી દરમ્યાન મળી આવેલ વસ્તુ અથવા રોકડ રકમ સંસ્થાના અધિકૃત કરેલ વ્યકિતને સુપ્રત કરી આપવાની રહેશે.

૯. ફરજ બજવવા કોઈપણ કર્મચારી સંસ્થાની માલ–મિલ્કતને નુકશાન કરે નહી તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૦. કેમ્પસની મુલાકાતે આવતા વ્યકિતઓ સાથે વિવેક પૂર્ણ વ્યવહાર જાળવવાનો રહેશે.

૧૧. સ્વીપરને કોઈપણ પ્રકારની મુશ્કેલી માટે, સંસ્થાને સીધી રજુઆત ન કરતાં, કોન્ટ્રાકટરના સુપરવાઈઝર મારફતે સંસ્થાના અધિકૃત વ્યકિત સાથે સંકલન સાધી, જરૂરીયાત જણાય તો જ જાણ કરવી.

૧૨. સંસ્થાએ નિમેલા વ્યકિતઓની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧૩. કોન્ટ્રાકટરે નિયત થયેલ ભાવે સંસ્થા જણાવે તે સંખ્યામાં સ્વીપીંગ સ્ટાફ પુરો પાડવાનો રહેશે. ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા ૧૦% કરતા ઓછી જણાશે તો ગેરહાજર કર્મચારીના પગારની રકમ માસીક બીલમાંથી વસુલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. તેમજ નિયત કરતા વધારે હશે તો કોઈપણ પ્રકારનું અલગથી વેતન આપવામાં આવશે નહી.

૧૪. કોન્ટ્રાકટરે ફરજ પર મુકેલ સ્ટાફ માટે તેઓના કામકાજના સમયગાળા દરમ્યાન સમય–પાલન જાળવી રાખે તે અંગેનો ખાસ ખ્યાલ રાખવાનો રહેશે.

૧૫. હાઉસ–કીપીંગ માટેનો કોન્ટ્રાકટ પ્રથમ તબક્કે ૧૨ માસના ગાળાનો રહેશે અને ત્યારબાદ કામગીરીની સમીક્ષા થયે આખરી નિર્ણય લેવામાં આવશે. આમ છતાં બીજી સૂચના ન મળે ત્યા સુધી કોન્ટ્રાકટ ચાલું રહેશે.

૧૬. ૧૮ વર્ષથી નીચેની ઉમરનીવ્યકિતને કામ પર રાખી શકાશે નહિ.

૧૭. તમામ પ્રકારની કામગીરી માટે માત્ર પુરૂષ કર્મચારીને જ કામ પર રાખી શકાશે.

૧૮. કોન્ટ્રાકટર દ્વારા રોકવામાં આવતાં સ્ટાફનું **પોલીસ કલીયરન્સ** સર્ટિફિકેટ મેળવી લેવાનું રહેશે. તેમજ સંસ્થા જયારે રેકર્ડ માંગે ત્યારે સુપ્રત કરવાનો રહેશે.

૧૯. કોન્ટ્રાકટર દ્વારા હાઉસ–કીપીંગ માટે રોકવામાં આવતાં સ્ટાફનો **ઈન્સ્યોરન્સ** લેવાનો રહેશે તેમજ સંસ્થા જયારે રેકર્ડ માંગે ત્યારે સુપ્રત કરવાનો રહેશે.

૨૦. સંસ્થાને તરફથી કોન્ટ્રાકટ રદ કરવા માટે ૩૦ દિવસ અગાઉ લેખીતમાં નોટીસ અપાશે તેમજ એજન્સી કોન્ટ્રાકટ રદ કરવા માગતી હોય તો ૩૦ દિવસ પહેલા સંસ્થાને લેખીતમાં જાણ કરવાની રહેશે. અન્યથા શરતભંગ પેટે બાકી ચુકવવાની થતી તમામ રકમ ડીપોઝીટ સાથે જપ્ત કરવામાં આવશે. જયારે સંસ્થા તરફથી કોન્ટ્રાકટ રદ થયા પેટે કોઈપણ પ્રકારના વળતરની માગણી કોન્ટ્રાકટર દ્વારા કરી શકાશે નહી.

૨૧. લઘુતમ વેતન અધિનિયમઅન્વયે કોન્ટ્રાકટ પર રખાતા કામદારને વેતન ભથ્થા અંગે વખતો–વખત લાગું પડતી જોગવાઈઓને અમલ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. તથા દરેક મજુર કાયદાઓનું પાલન કરવાનું રહેશે. તેમજ પ્રોવિડન્ડ ફંડ, ગ્રેચ્યુઈટી વગેરે બાબતોની સઘળી કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

૨૨. એજન્સીને કોન્ટ્રાકટ દરમ્યાન કોઈપણ વ્યકિત સાથે વ્યકિગત વાંધા કે તકરાર થાય તો તે અંગેની કોઈપણ જવાબદારી સંસ્થાની રહેશે નહિ. અને તેની સઘળી કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૩. કોન્ટ્રાકટર, સુપરવાઈઝર તેમજ તમામ પ્રકારના સ્ટાફને રહેવાની વ્યવસ્થા તેમજ રૂમ દિઠ પંખો, લાઈટ તેમજ સંડાસ–બાથરૂમ, ડોલ, ટમલર વગેરેની વ્યવસ્થા તેમજ પાણીની વ્યવસ્થા સંસ્થા તરફથી કરી આપવામાં આવશે અને નાસ્તાની તથા બે ટાઈમ જમવાની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેના માટે જે કોઈપણ ખર્ચ થશે તે સંસ્થા તરફથી અલગ પેમેન્ટ કરવામાં આવશે. કોન્ટ્રાકટ સમાપ્ત થયે ઉપરોકત સુવિધા સારી હાલતમાં પરત કરવાની રહેશે અન્યથા થયેલ નુકશાનીની રકમ બીલમાંથી વસુલ કરવામાં આવશે.

૨૪. કોન્ટ્રાકટ સમાપ્ત થયેથી કર્મચારીઓને પુરા પાડવામાં આવેલ રહેઠાણ તેમજ અન્ય સવલતો તાત્કાલીક અસરથી સમાપ્ત થશે.

૨૫. કોઈપણ વિવાદ અંગેનું ન્યાય ક્ષેત્ર રાજકોટ રહેશે.

**કરારની નાણાકીય જોગવાઈઃ–**

૧. એજન્સીને આપવામાં આવનાર રકમમાંથી નિયત ટેક્ષ તથા આવકવેરો વગેરેની વસુલાત ચુકવણી વખતે જ કરી લેવામાં આવશે.

૨. સંસ્થાને કોઈપણ જાતનું નુકશાન થયે, સંસ્થા નક્કી કરે તે રકમની વસુલાત કોન્ટ્રાકટરને દર માસે ચુકવવાની થતી ફીમાંથી વસુલ કરવામાં આવશે.

૩. બીલ દર માસની ૫ તારીખ સુધીમાં નિયત પ્રફોર્મા સાથે સંસ્થાએ અધિકૃત કરેલ વ્યકિતને ચેક કરાવવા માટે રજુ કરવાનું રહેશે.

૪. બીલ કલેઈમ કરતાં પહેલા તમામ રજીસ્ટ્રેશન જેમ કે પાન નં., જી.એસ.ટી.નં., પી.એફ.કોડ નં., ઈએસઆઈ નં., તથા ડબલ્યુ.સી.પોલીસી નં. વિગેરે રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૫. ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લાગું પડતા વખતોવખતના તમામ પ્રકારના ટેક્ષ (સિવાય કે જી.એસ.ટી ટેક્ષ) તેમજ લેબર–લોઝ મુજબની નિયત રકમ ભરપાઈ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. સંસ્થા તરફથી બીલની રકમ ઉપરાંત નિયત જી.એસ.ટી. ચુકવવામાં આવશે.

૬. દરેક બીલમાંથી લાગું પડતા પ્રોવિડન્ડ ફંડ તથા જી.એસ.ટી. ભરપાઈ કર્યા અંગેના ચલણો રજુ કરવાના રહેશે. ત્યારબાદ જ પછીના માસનું બીલ કલેઈમ કરી શકાશે.

૭. માસ દરમ્યાન કોઈપણ જાતનું પાર્ટ–પેમેન્ટ કરવામાં આવશે નહિ.

૮. માલસામાનનો ખોટો બગાડ થયે માર્કેટ રેઈટ મુજબની રકમ બીલમાંથી વસુલાત કરવામાં આવશે.

૯. તમામ શરતો મુજબની કપાત કર્યા બાદ દર માસની એકંદર ૧૦ તારીખ સુધીમાં કરવામાં આવશે. આમ છતાં સંજોગોવસાત વિલંબ પણ થઈ શકે છે.

❖ **સફાઈ કામ માટેના સ્ટાફના શિસ્તવિષયકનિયમોઃ–**

૧. ચાલું ફરજ દરમ્યાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરનાર કર્મચારીનો મોબાઈલ ફોન જપ્ત કરી રૂા.૧૦૦/– પેનલ્ટી ચાર્જ કરવામાં આવશે.

૨. બીડી, સીગારેટ, તમાકું, ગુટકાનું સેવન કર્યાનું માલુમ પડયાથી રૂા.૫૦૦/– પ્રતિ વ્યકિતના પેનલ્ટી ચાર્જ કરવામાં આવશે.

૩. એજન્સીનો સ્ટાફ કોઈપણ જગ્યાએ થુંકતા અથવા તો પાન/ગુટકાની પીચકારી મારતા જણાયે રૂા.૧૦૦૦/– પ્રતિ વખતની પેનલ્ટી ચાર્જ કરવામાં આવશે

૪. આ કેમ્પસ ખાતે અગાઉ ફરજ બજાવી ગયેલ અન્ય એજન્સીના કે સંસ્થાના સ્ટાફમાંથી છુટા કરવામાં આવેલ કોઈ વ્યકિતને સંસ્થાની મંજુરી વગર ફરજ પર રાખી શકાશે નહિ.

૫. ચાલું ફરજ દરમ્યાન માદક દ્રવ્યોનું સેવન કર્યાનું માલુમ પડયાથી **રૂા.૧૦,૦૦૦/–** પ્રતિ વ્યકિતના પ્રતિ દિવસ પેનલ્ટી ચાર્જ કરવામાં આવશે. ઉપરાંત આવા શખ્સની સામે કાયદેસરની કાર્યવાહી એજન્સીના ખર્ચે ને જોખમે કરવામાં આવશે. તેમજ સંસ્થા દ્વારાકોન્ટ્રાકટ રદ કરવા સુધીના પગલા લઈ શકાશે.

૬. એજન્સીના સ્ટાફ દ્વારા સંસ્થાની કોઈપણ માલ મિલકતને નુકશાન પહોંચાડયાનું માલુમ પડયે, નુકશાનની રકમ બીલમાંથી વસૂલ કરવામાં આવશે.

**ઉપરોકત નિયમોનું ઉલ્લંઘન કરતાં માલુમ પડશે અથવા તો અનૈતિક પ્રવૃતિ કરતાં શખ્શોને સંસ્થા કાયમી ધોરણે કેમ્પસમાંથી દુર કરવામાં આવશે.**

ઉપરોકત પેનલ્ટી કલોઝઅન્વયે દંડની રકમની વિગત મેં વાંચી, સમજી છે અને તે મને મંજુર છે તેમજ આ સાથે કોન્ટ્રાકટ સાથે મુકેલ ડીપોઝીટ પેટેની રકમ **રૂા.૭૫,૦૦૦/–**(રૂા.અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) ચેકથી જમા કરાવું છું. જેના ઉપર કોઈ વ્યાજ મળશે નહિ. તેમાંથી સંસ્થા પેનલ્ટી કલોઝઅન્વયે મજરે લઈ શકશે તેવી આથી બાંહેધરી લખી આપું છું.

**<u>હાઉસ–કીપીંગ વર્ક કામ માટેના કરાર મુજબ નક્કી થયેલ ભાવ</u>**

| અનુ. નં. | કામની વિગત | રકમ |
|---|---|---|
| ૧ | **હાઉસ–કીપીંગ વર્ક અંતર્ગત અલગ–અલગ જગ્યાએ સફાઈ તથા સ્વચ્છતા જાળવવાના કામ બાબત પ્રતિ માસના ભાવ** | ૨,૦૫,૫૦૦/– અંકે રૂપીયા બે લાખ પાંચ હજાર પાંચસો પુરા |

ઉપરોકત કરારની તમામ શરતો મેં વાંચી, સમજી છે અને તે મને મંજુર છે તેમજ પેનલ્ટી કલોઝના પત્રકમાં દર્શાવેલ જુદા જુદા નિયમોના ઉલ્લંઘનપેટે ભરપાઈ કરવાની થતી દંડની રકમ પણ મને માન્ય છે. આ ઉપરાંત શિસ્તવિષયક તમામ નિયમોનું પાલન કરવા આથી હું બાંહેધરી આપું છું આમ કરવામાં નિષ્ફળ ગયે સંસ્થા મારો કોન્ટ્રાકટ ડીપોઝીટ જપ્ત કરી રદ કરી શકશે. જે મને માન્ય છે. મારા ભાવો ઉપર મુજબ હોય, તે ભાવે કામ કરવા આથી હું મારી સહમતી આપુ છું.

REDEEM CORPORATE SERVICES PVT. LTD. RCS GUJARAT

**સંસ્થાના અધિકૃતવ્યકિતની સહી તથા સિક્કો** **કોન્ટ્રાકટરની સહી તથા સિક્કો**